**GREENLAWNS HIGH SCHOOL**

**For the Terminal Examination Year 2025** **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours** **Class: IX** **Date:** **Full Marks: 80**

## SECTION A (40 Marks)


*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઇ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

૧. પ્રકૃતિ અને પરમેશ્વર
૨. માનવતા માનવી કરતા શ્રેષ્ઠ છે
૩. ઋતુઓ વિશે લખી વસંત ઋતુ વિશે સવિસ્તાર લખો
૪. “અતિ લોભ પાપ નું મૂળ” કહેવત ને આધારે પ્રસંગ કે વાર્તા લખો.
૫.. નીચે આપેલું ચિત્ર જોઇ તમારા મન માં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ કે વાર્તા લખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઇ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧. તમારા પ્રિય ખેલનું વર્ણન કરતું પત્ર તમારા મિત્ર ને લખો.

૨. ૨૬ મી જાન્યુઆરી તમારી શાળા માં ઉજવવામાં આવી હતી તે વિશે માહિતી આપતો પત્ર તમારા ભાઈ ને પત્ર લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

મોટા શહેરમાં રહેતા એક અત્યંત ધનવાન માણસને વિચાર આવ્યો કે મારે મારા દીકરાને ગરીબીનો પરિચય કરાવવો જોઈએ. એ શહેરમાં રહીને જ મોટો થયો છે અને સમૃધ્ધિની છોળો વચ્ચે જ ઊછર્યો છે માટે ગરીબી શું કહેવાય એ એને સમજ જ નથી. એક પિતા તરીકે અમીર પરિવારના આ દીકરાને ગરીબીનો પરિચય કરાવવો એ મારી ફરજ છે.
એક વખત આ પિતા પોતાના કિશોરવયના પુત્રને સાથે લઈને બે-ચાર દિવસ માટે નાના ગામડાની મુલાકાતે ગયા. સુવિધાઓના અભાવની વચ્ચે જીવન પસાર કરતા ગામડાના લોકોનું જીવનદર્શન કરાવ્યું. ઘરે પરત ફર્યા પછી પિતાએ પુત્રને પૂછ્યું, "બેટા આપણા અને એમના જીવન વચ્ચે તને કોઈ તફાવત જોવા મળ્યો કે નહીં?"

દીકરાએ કહ્યું, “હા પપ્પા, બહુ મોટો તફાવત જોવા મળ્યો."

'વાત સાંભળીને પિતા રાજી થયા કે ચાલો મારો પ્રયોગ સફળ થયો. એણે દીકરાને પૂછ્યું,* બેટા, મને કહે જોઈએ કે તને શું તફાવત જોવા મળ્યો

દીકરાએ થોડા ગંભીર થઈને આપણા ઘરમાં એક કૂતરી છે, એમને ત્યાં ચાર પાંચ કૂતરાઓ હતા. આપણે ત્યાં સ્વિમિંગ પૂલ છે, એમને ત્યાં વિશાળ નદી હતી. આપણે રોબ અજવાળા માટે ફાનસનો ઉપયોગ કરીએ છીએ, એમની પાસે ચંદ્ર અને તારાઓથી ભરેલું આખું આકાશ હતું. આપણે બજારમાંથી વાસી અનાજ અને શાકભાજી લાવીને ખાઈએ છીએ, એ લોકો પોતાના માટે ઉગાડેલા તાજા અનાજ અને શાકભાજી ખાતા હતા. આપણું રક્ષણ કરવા માટે ઘરની આ ચાર દીવાલો છે, એમનું રક્ષણ કરવા માટે મિત્રો અને સબંધીઓ હતા. આપણા ઘરમાં માહિતી આપતો સાયક્લોપીડિયા છે અને એના ઘરમાં પ્રશ્નોના સમાધાન કરતી શ્રીમદ્ ભગવદ્ ગીતા હતી. પપ્પા, આપનો ખૂબ ખૂબ આભાર કે જીવનમાં પહેલી વખત મને સમજણ પડી કે આ લોકોની સરખામણીમાં હું કેટલો મોટો ગરીબ છું.

આનંદ પર માત્ર અમીરીનો જ ઈજારો નથી. સંપત્તિથી સુવિધાઓ ચોક્કસ વધી શકે પરંતુ સુવિધાઓ હોય તો જ સુખ હોય એવું બિલકુલ નથી. માનવસર્જિત સંપત્તિ કરતા કુદરતી સંપત્તિ સુખની વધુ નજીક પહોંચાડે છે.

પ્રશ્નો:

૧. એક ધનવાન માણસને કયો વિચાર આપો ? તે શેને પોતાની કઈ ફરજ માનતો હતો? (2)

૨. કિશોરવય પુત્રને પિતા ક્યાં લઇ ગયા? તો શેનું દર્શન થયું? (2)

૩. ગામડાનું જીવન અને પોતાની રહેણીકરણીમાં દીકરાને કયો તફાવત લાગ્યો? (2)

૪. તમારા મતે સુખ એટલે શું? (2)

૫. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો, આ ગદ્યખંડ વાંચી તમારા મનમાં આવતા વિચારો બે થી ત્રણ વાક્યોમાં જણાવો. (2)

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

પ્રશ્ન ૧. દ્રવ્યવાચક નામ નો ગુચ્છો બનાવો. (1)
ક. ઘી, ખાંડ, સિમેન્ટ, વડ
ખ. ભાવના, લાગણી, અસંતોષ, ક્રોધ
ગ. તેલ, લોખંડ, કેરોસીન, ચૂનો
ઘ. તીખાશ, ગળપણ, સ્વાદ, ખટાશ

પ્રશ્ન ૨. બેસૂરું નો વિરોધી લખો. (1)
ક. શુરિલું ખ. બેઢંગુ ગ. બેસરું ઘ. સુરીલું

પ્રશ્ન ૩. ભવિષ્યકાળ વાળુ વાક્ય ઓળખો. (1)
ક. હું રોજ સવારે ચાલવા જાઉં છું.
ખ. મારી પાસે ઘર કામ હતું.
ગ. અમે બહારગામ ગયા હતા.
ઘ. રામ ગુજરાત થી કાલે આવશે.

પ્રશ્ન ૪. આપેલો રુઢિપ્રયોગ “પડદો ખુલી જવો” નો સાચો અર્થ જણાવો. (1)
ક. પડદો નીચે પડવો
ખ. ભેદ જાણી જવો
ગ. પડદો ખેંચી લેવો
ઘ. ભેદ ઊઘડી જવો

પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દ નો દ્વિઅર્થી લખો. (1)
પાત્ર
ક. યોગ્ય, વાસણ
ખ. નાટક નું પાત્ર, બે કિનારા વચ્ચે નો ભાગ
ગ. જીવન નું પાત્ર, શુપાત્ર
ઘ. વાર્તા નું પાત્ર, પત્ર

પ્રશ્ન ૬. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.
સ્વાદ વગરનું
ક. નિઃસ્વાદ ખ. નિઃસ્વાર્થ ગ. નિઃરસ ઘ. નીજસ્વાદ

પ્રશ્ન ૭. નીચે આપેલા વાક્ય માં લીટી દોરેલા શબ્દ ની જાતિ બદલી વાક્ય ફરી લખો.
ભત્રિજો પંજાબ થી આવેલો.
ક. ભત્રિજા ખ. ભત્રિજી ગ. ભાણેજી ઘ. ભત્રીજી

પ્રશ્ન ૮. સાચી જોડણી લખો
ક. વિશેસ્તા ખ. વિશેષતા ગ. વિશેશતા ઘ. વીશેશતા

## SECTION B (40 Marks)

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5
Read the extract given below and answer in Gujarati the questions that follow
પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

પાન સડે, ઘોડા અડે, વિદ્યા વીસરી જાય,
રોટી દાજી શેક્તાં કહો ચેલા કેમ થાય?

સુભાષિતો
Subhashito

પ્રશ્ન ૧. મિત્ર ની સાચી પરિભાષા શું છે? શેરી મિત્ર કોને કેહવાય? (2)
પ્રશ્ન ૨. સુભાષિત એટલે શું? કઈ ભાષા માં વધારે જોવા મળે છે? (2)
પ્રશ્ન ૩. સુભાષિત દ્વારા નવી પેઢી માં શેનું સીંચન થાય છે? (3)
પ્રશ્ન ૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (3)

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

તમારે રંગો છે
અને આકારો છે
કલાકારે દીધો તમ સમીપ આનંદ કણ છે.
અને બાગો માં કુસુમ થકી લાંબુ જીવન છે.

બનાવટી ફૂલો - પ્રહલાદ પારેખ
Banavati Fulo – Prahalad Parekh

પ્રશ્ન ૧. કવિ નો યુગ લખી ભાનુ અને વાયુ નો અર્થ લખો. (2)

પ્રશ્ન ૨. કાવ્ય નો પ્રકાર લખી કાવ્ય કયા કાવ્ય સંગ્રહ માં થી લેવા માં આવ્યું છે? (2)

પ્રશ્ન ૩. કાવ્ય દ્વારા કવિ શો સંદેશો આપે છે? (3)

પ્રશ્ન ૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (3)

Question 7

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મન માં રે,
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના મન માં રે.

વૈષ્ણવજન - નરસિંહ મહેતા
Vaishnavjan – Narsingh Mehta

પ્રશ્ન ૧. નિશ્ચલ નો અર્થ જણાવી કવિ શું નિશ્ચલ કરે છે? (2)
પ્રશ્ન ૨. નરસિંહ મહેતા નો સાહિત્ય પરિચય આપો. (2)
પ્રશ્ન ૩. સાચા વૈષ્ણવ ના કયા ગુણો અપનાવા જોઈએ? તેના થી જીવન માં શું પરિવર્તન લાવી શકીએ? (3)
પ્રશ્ન ૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (3)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

Question 8

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

“કાલે મિષ્ટાન્ન છે” એ આનંદ માં તો આજનો શનિવાર નો આ અડધો દિવસેય ભૂક લાગવી તો દૂર રહી, પણ જાણે આજેજ લાડુ નું જમણ ન જમ્યા હોય એ રીતે પસાર થઈ ગયો.

લાડુ નું જમણ - પન્નાલાલ પટેલ
Laadu Nu Jaman – Pannalal Patel

પ્રશ્ન ૧. લાડુ જમવા દેવશંકર એ પૈસા ની સગવડ કઈ રીતે કરી? (2)
પ્રશ્ન ૨. દેવશંકર એ અમદાવાદ માં કઈ નોકરી સ્વીકારી? શા માટે? (2)
પ્રશ્ન ૩. લાડવા જમવા ગયેલા દેવશંકર દાળ ભાત જમીને બહાર શા માટે આવી ગયા? (3)
પ્રશ્ન ૪. કોને પોતાની ભૂલ સમજાઈ? ભૂલ સુધારવા તેમને શું કર્યું? (3)

Question 9

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

"માં ક્યાં ગઈ છે?" એ પ્રશ્ન કુસુમાયુધ ના હૃદય માં સતત રમ્યા કરતો હતો

ખરી માં - રમણલાલ વ. દેસાઈ
Khari Ma – Ramanlal V. Desai

પ્રશ્ન ૧. લેખક નો યુગ લખી તેમની બે નવલ કથા ના નામ લખો. (2)
પ્રશ્ન ૨. કુસુમાયુધ નવી પરણેલી આવેલી સ્ત્રી ની કેવી પરીક્ષા કરતો? (2)
પ્રશ્ન ૩. અપરમાં આવ્યા પછી બાળક ના જીવન માં શો બદલાવ આવ્યો? (3)
પ્રશ્ન ૪. બાળક ના જીવન માં અપરમાં ખરી માં શી રીતે બની? (3)

Question 10

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.
"તો હવે ભલે એ જાહેર ખબરો આપ્યા કરે. જવાબ વાળે બીજા."

પરિવર્તન - ગૌરીશંકર જોષી (ધૂમકેતુ)
Parivartan – Gaurishankar Joshi (Dhumketu)

પ્રશ્ન ૧. કિશોરીલાલ પોતાનું ગુજરાન ક્યાં અને શી રીતે ગુજારતો હતો? (2)
પ્રશ્ન ૨. કોણે છાપા માં શી જાહેર ખબર આપી? (2)
પ્રશ્ન ૩. અંતે કિશોરીલાલ ને શી મદદ કરી? (3)
પ્રશ્ન ૪. હરિપ્રસાદ ભાઈ નું પાત્ર લેખન લખો. (3)